ધર્મ અમારો એક માત્ર એ 'સર્વધર્મ સેવા' કરવી, ધ્યેય અમારું છે માનવતા, વિશ્વમહી એને ભરવી...

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫૧ | ૯ ઓગસ્ટ, ૨૦૨૦, રવિવાર; શ્રાવણ વદ - ૬ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૧૦૧ |
| અમદાવાદ | ૧૫૮ |
| ગાંધીનગર | ૩૦ |

# ભારતીય સૈન્ય દરેક મોરચે સજ્જ

## ભારતીય સૈન્ય આધુનિક તકનિકોનો અભ્યાસ કરી રહી છે : સિનિયર લેફ્ટનન્ટ જનરલના નેતૃત્વ હેઠળ એક અભ્યાસ શરૂ કરવામાં આવ્યો છે જેમાં રોબોટિક્સ, એઆઈ સહિતના ઘણા પાસા પર સંશોધન થશે



નવી દિલ્હી, તા. ૮

ચીન સાથે સરહદ પર તનાવ વચ્ચે ભારતે પાંચ રાફેલ લડાકુ વિમાનો મેળવ્યા છે. પરંતુ ડ્રેગનની તકનીકી ક્ષમતાને સમજીને ભારતીય સૈન્ય માત્ર પરંપરાગત યુદ્ધ પદ્ધતિઓ જ નહીં, પણ ભવિષ્યની યુદ્ધની વ્યૂહરચનાઓ પર પણ આગળ વધી રહ્યું છે. આર્મી અત્યાધુનિક તકનીકોનો અભ્યાસ કરી રહી છે. આ અધ્યયનનું નેતૃત્વ વરિષ્ઠ લેફ્ટનન્ટ જનરલ કરે છે. સેનાએ જે તકનીકોનો અભ્યાસ કરવાની તૈયારી કરી છે તેમાં ડ્રોન સ્વોર્મ્સથી લઈને રોબોટિક્સ, લેઝર્સ, કૃત્રિમ બુદ્ધિ અને અલ્ગોરિધમનો યુદ્ધ સુધીની દરેક બાબતો શામેલ છે. સૂત્રોના જણાવ્યા અનુસાર આ અધ્યયનનો હેતુ સેનાની પરંપરાગત લડાઈ ક્ષમતાને મજબૂત બનાવવાનો છે અને તેને 'નોન-કાઈનેટિક અને નોન-કોમ્બેટ' લડાઈ માટે પણ તૈયાર કરવાનો છે. ભવિષ્યને ધ્યાનમાં રાખીને ચાઈનાના વિવિધ તકનીકોનો વિકાસ પણ કરી રહ્યું છે. તેણે આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ) સંચાલિત

● અનુસંધાન પાન-૭ પર

# પાર્ટી સાથે છું, મારું અપમાન સહન નહીં કરુ : વસુંધરા રાજે

## ભાજપની નેતાગીરીને રોકડું પરખાવ્યું : રાજસ્થાન ભાજપે ધારાસભ્યોને રિસોર્ટના રાજકારણમાં નાખી દીધા તેની સાથે પ્રદેશ એકમમાં મોટો ભડકો

નવી દિલ્હી, તા. ૮

રાજસ્થાન ભાજપે પોતાના ધારાસભ્યોને રિસોર્ટના રાજકારણમાં નાખી દીધા તેની સાથે પ્રદેશ એકમમાં મોટો ભડકો થયો છે. પૂર્વ મુખ્યમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા વસુંધરા રાજે કેન્દ્રીય નેતાગીરી સામે ગુસ્સે ભરાયાં છે અને તેમણે બગાવતના સૂરમાં વાત કરવા માંડી છે. તેમણે કહ્યું છે કે તેઓ પોતાનું અપમાન સહન કરવાનાં નથી. પાર્ટી સાથે છે અને રહેશે પણ અપમાન સહન નહીં કરે. વસુંધરા રાજેએ શનિવારના રોજ દિલ્હીમાં ભાજપના વરિષ્ઠ નેતા રાજનાથ સિંહ સાથે મુલાકાત કરી હતી. આ બંને નેતાઓ વચ્ચે રાજસ્થાનમાં ચાલી રહેલા રાજકીય સંકટ પર ચર્ચા થઈ હતી. ઉલ્લેખનીય છે કે આગામી ૧૪ ઓગસ્ટના રોજ રાજસ્થાનમાં વિધાનસભા સત્ર શરૂ થવા જઈ રહ્યુ છે. જ્યાં મુખ્યમંત્રી અશોક ગેહલોતને વિધાનસભામાં બહુમત સાબિત કરવાનો છે. ત્યારે હવે આ વાતને લઈ ભાજપ પણ સક્રિય થયું છે.

એવું કહેવાય છે કે રાજેએ કેન્દ્રીય



નેતાગીરીને એમ કહ્યું છે કે તે પોતાનું અપમાન સહેજપણ સહન કરશે નહીં. રાજેને સાઈડલાઈન કરીને રાજ્યમાં ગજેન્દ્રસિંહ શેખાવતને વજન આપવામાં આવી રહ્યું છે તેનાથી રાજે નારાજ છે. રાજેએ પોતાના ધારાસભ્યોને એક તરફ કરી દીધા છે એટલે ભાજપમાં ભડકો થયો છે.

# દેશમાં સપ્ટેમ્બરના પ્રારંભે સ્કૂલો શરૂ કરવા વિચારણા

## શરૂઆતમાં તમામ તકેદારી સાથે હાયર સેકન્ડરી અને કોલેજ ખુલશે : આખરી નિર્ણય રાજ્યોએ લેવાનો રહેશે

નવી દિલ્હી, તા. ૮

કેન્દ્ર સરકાર આગામી પહેલી સપ્ટેમ્બરથી ૧૪ નવેમ્બર વચ્ચે તબક્કાવાર શાળાઓ શરૂ કરવાની યોજના ઘડી રહી હોવાનું સૂત્રોએ કહ્યું છે. જોકે, આ માટેનો અંતિમ નિર્ણય રાજ્યો પર છોડાશે તેમ સૂત્રોએ ઉમેર્યું હતું. શરૂઆતમાં હાયર સેકન્ડરી શાળા તથા કોલેજો શરૂ કરવામાં આવે તેવી શક્યતા છે. કેન્દ્રીય મંત્રીઓના જૂથ સાથે સંલગ્ન સેક્રેટરીઓના એક જૂથની બેઠક તાજેતરમાં યોજાઈ હતી. તેમાં આ મુદ્દે ચર્ચા થઈ હતી. સરકાર આ મહિનાના અંતે નવી અનલોક ગાઈડલાઈન જાહેર કરે ત્યારે શાળા શિક્ષણ ફરી શરૂ કરવાનો મુદ્દો આવરી લેવાનું ચર્ચાયું હતું. જોકે, એ ભારપૂર્વક જણાવાયું હતું કે બાળકોને ક્યારે, કેટલાં પ્રમાણમાં અને કેવી રીતે શાળાએ લાવવાં તેની રૂપરેખા નક્કી કરવાનું કે તે બાબતે આખરી નિર્ણય કરવાનું રાજ્યો પર છોડી દેવું જોઈએ. શાળાઓ તથા અન્ય શિક્ષણ સંસ્થાઓ માટે બહુ સર્વગ્રાહી સ્ટાન્ડર્ડ ઓપરેશન પ્રોસીજર જારી કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૭ પર

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૧૯૬૩૪૧૭૯ | ૭૨૫૭૮૯ | ૧૬૯૩૪૮૯૧ |
| ભારત | ૨૧૩૧૨૭૧ | ૪૩૨૫૭ | ૧૪૬૩૦૦૨ |
| ગુજરાત | ૬૯૯૮૬ | ૨૬૨૯ | ૫૩૯૨૭ |
| ગાંધીનગર | ૧૭૯૪ | ૧૦૦ | ૧૩૬૬ |

# દેશમાં બીજા દિવસે ૬૧ હજારથી વધુ કેસ

## કુલ કેસનો આંકડો ૨૦.૮૬ લાખ : છેલ્લા ૨૪ કલાકમાં ૯૩૦થી વધુના મોત : કુલ મૃત્યુઆંક ૪૨,૫૭૮ : શુક્રવાર સુધી ૨ કરોડ ૩૩ લાખથી વધુ સેમ્પલની તપાસ કરાઇ

ન્યુ દિલ્હી,તા.૮

સમગ્ર દેશમાં અનલોક-૨માં જેમ કોરોનાના કેસોએ ૪૦ હજાર,૫૦ હજારની પીક પકડી તેમ હવે અનલોક-૩માં ૬૦ હજાર કેસોની પીક પકડાઈ ગઈ હોય તેમ સતત બીજા-ત્રીજા દિવસે કેસો ૬૧ હજાર કરતાં વધારે સામે આવ્યાં હતા. આ સાથે કેસોનો આંકડો ૨૦ લાખને પાર ખઈને ગણતરીના કલાકોમાં ૨૧ લાખ પર પહોંચી જાય તો નવાઈ નહીં.

આજે શનિવારે સવારે છેલ્લાં ૨૪ કલાકના આંકડા જાહેર કરવામાં આવ્યાં ત્યારે ૬૧,૪૫૫ કેસો સામે આવ્યાં હતા. આ જ સમયગાળામાં શુક્રવારે ૯૩૭ લોકોના મોત થયા હતા. અનલોક-૨ની જેમ અનલોક-૩માં પણ હવે કેસો વધી રહ્યાંનું ચિત્ર ઉપસી રહ્યું છે. કુલ કેસોની સંખ્યા વધીને ૨૦,૮૬,૮૬૪ થઈ છે. જે ૨૧ લાખને પાર થઈ શકે તેમ છે. સારવાર હેઠળના કેસોની સંખ્યાં ૬,૧૬,૧૬૦ થઈ છે અને સાજા થયેલા લોકોની સંખ્યા ૧૪ લાખને પાર થઈ ઘઈ છે.

દેશમાં સંક્રમિતોનો આંકડો ૨૦ લાખ ૮૬ હજાર ૮૬૪ થઈ ગયો છે. સતત બીજા દિવસે ૬૧ હજારથી વધુ દર્દીઓની પુષ્ટી થઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં ૬૧ હજાર ૪૫૫ લોકોનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

## છેલ્લે... છેલ્લે...

- કેરળમાં પ્લેન ક્રેશનો એક મૃતક કોરોના પોઝિટિવ આવતા ફફડાટ
- બાડમેર નજીક સરહદ પર બીએસએફએ પાકિસ્તાની ઘૂસણખોરને ઠાર માર્યો
- કેન્દ્રના કૃષિ રાજ્યમંત્રી કેલાસ ચૌધરી કોરોના પોઝિટિવ.
- અભિષેકનો કોરોનાનો ટેસ્ટ નેગેટિવ આવતા રજા અપાઈ

# મુકેશ અંબાણી વિશ્વના ચોથા નંબરના ધનાઢ્ય બિઝનેસમેન

## બ્લૂમબર્ગ ઈન્ડેક્સ મુજબ ૬.૦૩ લાખ કરોડની સંપત્તિ

મુંબઈ, તા. ૮

માર્કેટ કેપના સંદર્ભે દેશની સૌથી મોટી કંપની રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ અને તેના ચેરમેન મુકેશ અંબાણી માટે સારા સમાચાર છે. રિલાયન્સે ગયા સપ્તાહે દુનિયાની બીજા નંબરની સૌથી મોટી બ્રાન્ડ તરીકેની સિદ્ધિ મેળવી તે પછી શનિવારે મુકેશ અંબાણી દુનિયાના ચોથા સૌથી મોટા ધનાઢ્ય વ્યક્તિ બની ગયા છે.

બ્લૂમબર્ગ બિલિયોનેર ઈન્ડેક્સની રિયલ ટાઈમ નેટવર્થ પ્રમાણે મુકેશ અંબાણી ૮૦.૬૦ અબજ ડોલર(૬.૦૩ લાખ કરોડ રૂપિયા)ની સંપત્તિના માલિક છે અને વિશ્વના ચૌથી ધનાઢ્ય બિઝનેસમેન છે. સંપત્તિના મામલે મુકેશ અંબાણી હવે ફેસબુક ફાઉન્ડર માર્ક ઝુકરબર્ગ(૧૦૨ અબજ ડોલર)ની નજીક આવી ગયા છે. જોકે, તેમની સંપત્તિમાં હજુ ઘણું અંતર તો છે જ.

# રાજસ્થાનથી ભાજપના ૧૪ ધારાસભ્યોને ગુજરાત લવાયા

જયપુર,તા.૮

અત્યાર સુધી કોંગ્રેસને ધારાસભ્યોને બળવાનો ડર સતાવતો હતો . હવે ભાજપને પણ આ જ સ્થિતિનો અનુભવ થઈ રહ્યો છે.

રાજસ્થાનમાં સત્તાની સાઠમારી વચ્ચે ભાજપને પણ ધારાસભ્યો પલટી મારે તેનો ડર લાગી રહ્યો છે.મળતી વિગતો પ્રમાણે ઉદેપુર વિસ્તારના ૧૪ ધારાસભ્યોને ગુજરાત મોકલવામાં આવ્યા છે.

પાર્ટી ભલે દાવો કરે કે, ધારાસભ્યો પોતાની જાતે ફરવા માટે ગયા છે અને શનિવારે સોમનાથ મંદિરમાં દર્શન કરશે પણ સૂત્રોના કહેવા પ્રમાણે પાર્ટીએ આ ધારાસભ્યોને ગુજરાત મોકલ્યા છે. તેઓ ૧૨ ઓગસ્ટ સુધી ગુજરાતમાં જ રહેશે.એવુ મનાય છે કે, કેટલાક બીજા ધારાસભ્યોને મધ્યપ્રદેશમાં શિફ્ટ કરી શકાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ભારતીય હોકી ટીમના કેપ્ટન મનપ્રીત સહિત ચાર ખેલાડીને કોરોના પોઝિટિવ

નવી દિલ્હી, તા. ૮

ભારતની હોકી ટીમના કેપ્ટન મનપ્રીત સિંહ સહિત ચાર ખેલાડીઓ બેંગ્લોરના સ્પોર્ટસ ઓથોરિટી ઈન્ડિયા નેશનલ સ્પોર્ટસ એક્સેલન્સ સેન્ટરમાં નેશનલ હોકી કેમ્પમાં રિપોર્ટ કર્યા બાદ કોવિડ -૧૯ તપાસમાં પોઝિટિવ જોવા મળ્યા હતા. આ ખેલાડીઓ ઘરે વિરામ બાદ ટીમ ના સંકેતો આવ્યા પછી તે અને તેની સાથે મુસાફરી કરનારા અન્ય ૧૦



સાથે કેમ્પ માટે પહોંચ્યા હતા. આ તમામ ખેલાડીઓએ સાથે મુસાફરી કરી હતી, તેથી સંભાવના છે કે ઘરેથી બેંગ્લોર પહોંચતા તેઓમાં વાયરસ ફેલાયો હોત. પરંતુ પાછળથી મનપ્રીત અને સુરેન્દ્રએ કેટલાક કોવિડ -૧૯ ખેલાડીઓએ ગુરુવારે આરટી-પીસીઆર પરીક્ષણ કરાવ્યું, જેમાં આ ચાર કોવિડ -૧૯ પોઝિટિવ હોવાનું બહાર આવ્યું છે. તેમ છતાં તેમનો પરિણામ હજી સાંઈ સમક્ષ રજૂ કરવામાં આવ્યો નથી, પરંતુ

● અનુસંધાન પાન-૭ પર

**ગાંધીનગર માટે**

આપનું LED TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી

**ફક્ત ફોન કરો**

**સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ**

ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેક્ટર-૨૪, ગાંધીનગર

મો. : ૯૭૧૪૧૯૮૩૬૬

SWARRNIM STARTUP & INNOVATION UNIVERSITY
Gandhinagar, Gujarat
INDIA'S FIRST UNIVERSITY FOR STARTUP

ADMISSIONS OPEN 2020-21

School of Technology
Diploma - Computer | Civil | Electrical | Mechanical | Automobile
B.Tech - Computer Egg. | IT | EC | Mechanical | Electrical | Civil | Automobile AI | CTIS | MACT | Blockchain
M.Tech - Advance Manufacturing System | AI | Electronics Communication Power Systems | Environmental Engineering | Cyber Security
PHD

School of Health Science
BAMS | BHMS | BPT | GNM | B.Sc. Nursing DMLT | Sanitary Inspector

School of Science
B.Sc. - PCM | Biotech | Microbiology | Fire And Safety
M.Sc. - Biotech | Chemistry Microbiology


Institute of Designs
B.Arch
B.Sc. Fashion & Creative Style (international Collaboration With Atelier Chardon Savard-Paris)
B.Des/Diploma - Fashion | Interior Product Graphic & Animation | UX
M. Plan

School of Business
B.Com | BBA | BCA | M.Com | MBA | Airport Mgmt | Hotel Mgmt.

SWARRNIM EASY FEE
0% Interest Education Loan
Scan to Apply Online ▶▶
Contact Us
www.swarrnim.edu.in
admission@swarrnim.edu.in
95108 58239
95108 68970

100% Placement in Last 3 Years

ગાંધીનગરની સૌપ્રથમ
COVID FREE
ડીઝાઈન



ફક્ત 42 ફ્લેટની સ્કીમ
દરેક ફ્લેટ 4 દિશાઓથી સ્વતંત્ર
એક ફ્લોર પર ફક્ત 2 ફ્લેટ
દરેક વીંગ અને ફ્લેટની સ્વતંત્ર LIFT
ઉચ્ચ ગુણવત્તા યુક્ત બાંધકામ ખાસ તમારા પરિવારની SAFETY માટે
અન્ય પ્રોજેક્ટ કરતા 50% વધુ પર્સનલ સ્પેસ
40' ફૂટ વાઈડ ફ્રોચર અન્ય સ્કીમો કરતા ૩ ગણું
SAMPLE APARTMENT READY

વિનાયક SKY DECK
The Iconic Address
3 BHK MAJESTIC APARTMENTS

Site : Vinayak Skedeck, TP 19, 80 Mt Road, Nr Vrundavan Homes, PDPU GNLU ROAD, Raysan, Gandhinagar.

Jay Purohit : 98240 74454
Aditya Goenka : 97806 19291
Yagnesh Upadhyay : 98250 24456
Vikrant Purohit : 98255 06929
Parth Purohit : 99130 02220
www.vinayakskydeck.com

Website : www.gujrera.gujarat.gov.in
RERA REG. NO. : PR/GJ/GANDHINAGAR/GANDHINAGAR/Others/MAA04520/291218